|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૨૫** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૨૦)

**પ્ર. ૧ સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખો.** (૨)

૧. બહુમયં **બધા વડે માનવા યોગ્ય** ૨. બહુ સુભેણં **ઘણા શુભયોગે સમાધિ ભાવે**

૩. બુજ્ઝંતિ **બુદ્ધ (સર્વજ્ઞ) થાય છે.** ૪. બલિ પાહુડિયાએ **ઉછાળવા માટે જે બાકુળા કર્યા હોય તે લેવા વડે**

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તો સુધારીને લખો.** (૩)

| | અશુદ્ધ | શુદ્ધ | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧, પંચિંદીયા | **અશુદ્ધ** | **પંચિંદિયા** | ૨. વયદુપડીહાંણે | **અશુદ્ધ** | **વયદુપ્પણિહાણે** |
| ૩. અતિચાર | - | **શુદ્ધ** | ૪. સંમતસ | **અશુદ્ધ** | **સમ્મત્તસ્સ,** |
| ૫. છપ્પઈ સંઘટ્ટણાએ | - | **શુદ્ધ** | ૬. પરીનિવાયંતી | **અશુદ્ધ** | **પરિનિવ્વાયંતિ** |

**(૩) નીચેના શબ્દો કયા પાઠમાં આવે છે? તે લખો.** (૩)

૧. ઠાએમિ **પ્રતિક્રમણનો પહેલો પાઠ પ્રતિક્રમણ સંકલ્પ સૂત્ર** ૨. ઠિઆ **પાંચમું શ્રમણ સૂત્ર પ્રતિજ્ઞા સૂત્ર**

૩. ઠામિ **પ્રતિક્રમણનો બીજો પાઠ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર/તસ્સ ઉત્તરી** ૪. ઠવણા **બીજું શ્રમણ સૂત્ર ગોચર ચર્યા સૂત્ર**

૫. ઠાણં સંપત્તાણં **સામાયિકનો સાતમો પાઠ નમોત્થુણં સૂત્ર** ૬. ઠાણેહિ **ચોથુ શ્રમણ સૂત્ર અસંયમ સૂત્ર**

**(૪) નીચેના પ્રશ્નોનો જવાબ આપો.** **(૩)**

૧. સાધુના વ્રત અને શ્રાવકના વ્રતમાં શું તફાવત છે? માત્ર બે મુદ્દા લખો.

**૧) સાધુ ત્રસ-સ્થાવર સર્વ જીવોની હિંસાનો પૂર્ણપણે ત્યાગ કરે છે, જ્યારે શ્રાવકો ત્રસ જીવોની હિંસાના ત્યાગમાં પણ માત્ર સંકલ્પી હિંસા, નિરપરાધી હિંસા અને નિરપેક્ષ હિંસાનો ત્યાગ કરે છે. ૨) તે ત્યાગ સાધુની અપેક્ષાએ આંશિક છે જો સાધુનો ત્યાગ 20% ગણીએ તો શ્રાવકનો ત્યાગ માત્ર સવા ટકો જ હોય છે.**

**(૫) નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે? તે લખો.** **(૫)**

૧. ચૂંટણીના કારણે ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય. **વચ્ચામેલિયં**

૨. ચૂંટણીમાં ઊભેલો પુત્ર જીતી જાય માટે સત્યનારાયણની કથા કરાવી હોય. **પરપાસંડ સંથવો**

૩. ચૂંટણીમાં ફોર્મમાં ખોટી વિગત ભરી હોય. **કુડલેહકરણે**

૪. ઘરમાં વડીલોને જમવાના સમયે ખાવાનું આપ્યા વગર મતદાન કરવા ગયા હોય. **ભત્તપાણ વોચ્છેએ.**

૫. ચૂંટણી સમયે રાષ્ટ્રધર્મ સમજ્યા ન હોવાથી મતદાન કરવા ન ગયા હોય **વિરુદ્ધ રજ્જાઈક્કમે**

૬. ચૂંટણીની લાઈનમાં ઊભેલી સ્ત્રીનો વિનયભંગ કર્યો હોય. **અનંગક્રીડા**

૭. મર્યાદા ઉપરાંતના સ્થાને મતદાન કરવા ગયા હોય. **તિરિયદિસિપ્પમાણાઈક્કમે.**

૮. ચૂંટણીની લાઈનમાં દ્વિઅર્થી વાક્યો બોલીને બધાને હસાવવાનો પ્રયોગ કર્યો હોય. **કંદપ્પે**

૯. સામાયિકમાં કોને મત આપવો તેની ચર્ચા કરી હોય. **વયદુપ્પણિહાણે.**

૧૦. હું આવતા ભવમાં નરેન્દ્ર મોદી જેવો વડોપ્રધાન બનવું એવી ઈચ્છા કરી હોય. **ઈહલોગા સંસપ્પઓગે.**

**(૬) માત્ર સંખ્યા લખો** **(૪)**

૧. નાના અતિચાર **૮૯**

૨. છ કોટીએ પચ્ચક્ખાણ થતા હોય એ પાઠોના અતિચાર **૪૫**

૩. કરણ કોટિ વગરના પાઠના અતિચાર **૫**

૪. જે પાઠોમાં પાણં શબ્દ આવતો હોય એના અતિચાર **૧૫.**

૫. ક્ષાયક સમકિતિ સિંહને લાગતા અતિચાર **૦**

૬. રુચક દ્વીપના શ્રાવકને કેટલા અતિચાર ન લાગે **૨૦**

૭. અણુવ્રતના અતિચાર **૨૫**

૮. જ્ઞાન લેનાર દેનારની પાત્રતા સંબંધીના અતિચાર **૨**

**(૪૦)**

**પ્ર. ૨ નવ તત્ત્વના આધારે જવાબ લખો.**

**(૧) વ્યાખ્યા લખો.** **(૪)**

૧. પારમાર્થિક : **જે મોક્ષની પ્રાપ્તિમાં સાધક બને છે તે પરમાર્થિક તત્ત્વ છે. જે નવ તત્ત્વનો વિષય છે.**

૨. ક્ષાયોપશમિક ભાવઃ **ઉદયમાં આવેલા કર્મોનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા કર્મનો ઉપશમ આમ ક્ષયોપશમથી જીવમાં જે ભાવ પ્રગટ થાય છે તેને ક્ષાયોપશમિક ભાવ કહે છે.**

૩. પરિણામી : **પ્રત્યેક સમયે જીવ એક પર્યાય છોડી બીજી પર્યાય ધારણ કરે તેને પરિણામ કહેવાય. આ પ્રકારનું સતત પરિણામન જેમાં હોય તેને જીવ કહેવાય છે.**

૪. અનાવગાહત્વ : **શુદ્ધ જીવ પોતે જ્યાં છે ત્યાં અનંત જીવો અવગાહીને રહી શકે છે અર્થાત એક જીવના અવગાહ ક્ષેત્રમાં અનંત જીવો સમાઈ જાય છે.**

**(૨) મને ઓળખો હું કોણ ?** **(૪)**

૧. મારી પાસે જ્ઞાન ન હોય **અજીવ તત્ત્વ**

૨. મારા કારણે શ્વાસોશ્વાસ લઈ શકાય છે. **ધર્માસ્તિકાય**

૩. હું લોકમાં પણ નથી અલોકમાં પણ નથી **આકાશાસ્તિકાયનો સ્કંધ**

૪. મારા કારણે બીજ ફળમાં પરિવર્તન પામે છે. **પરિણામ (કાળ)**

૫. મારી પાસે અનંતા અનંત દ્રવ્ય છે. **પુદ્ગલાસ્તિકાય**

૬. મારી પાસે તીખો રસ છે પણ ઇન્દ્રિય એને ગ્રહણ કરી શકતી નથી. **પરમાણુ**

૭. મારા કારણે પરમાણુના પ્રદેશો જોડાઈ છે. **સ્કંધ**

૮. મારા કારણે તદ્દાકારતા થાય છે. **છાયા**

**(૩) એક શબ્દમાં જવાબ લખો.** **(૪)**

૧. આત્મા કોની જેમ કર્મ દલિતોને ખેંચે છે? **લોહચુંબક** **૨.** આત્મશુદ્ધિનું પ્રથમ પગથિયું કયું છે? **સંવર**

૩. બારમા ગુણસ્થાનમાં કયો આશ્રવ હોય છે? **યોગ** ૪. કઈ પ્રવૃત્તિથી પુણ્યનો આશ્રવ આવે છે? **શુભ**

૫ સંપૂર્ણ આશ્રવ કયા ભવમાં દૂર થાય છે? **મનુષ્ય** ૬. સાધુનો ત્રીજો મનોરથ કયો છે? **અનશન (સંથારો)**

૭. સંવર ભાવનાનું યથાયોગ્ય જ્ઞાન હોય તો કઈ વૃત્તિ દૂર થાય? **ઈર્ષ્યા**

૮. જ્યારે યોગની પ્રવૃત્તિનો પૂર્ણતઃ નિરોધ ન થાય ત્યારે શુભ ઉપયોગમાં રમણ કરવું એને શું કહેવાય? **ગુપ્તિ.**

**(૪) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો** **(૧૮)**

૧. નિર્જરાનું મુખ્ય કારણ શું છે? કેવી રીતે? સમજાવો.

**જેમ જીર્ણ થયેલું કાષ્ટ અગ્નિમાં ભસ્મીભૂત થઈ જાય છે. તેમ તપ રુપ અગ્નિથી અનંતકાલીન કર્મો પણ ભસ્મીભૂત થાય છે. શાસ્ત્રકારોએ તપને અગ્નિની ઉપમા આપી છે તપરૂપી અગ્નિથી કર્મના રસનો નાશ થાય છે રસની તીવ્રતાથી કર્મો આત્માની સાથે એક મેક થાય છે. બંધાય છે. જ્યારે રસ સુકાઈ જાય, ત્યારે નીરસ થયેલા કર્મ દલિકો સહજ રીતે ખરી જાય છે આત્માથી છૂટા પડી જાય છે. તે જ કર્મોની નિર્જરા છે. આ રીતે નિર્જરાનું મુખ્ય કારણ બાર પ્રકારના તપ છે.**

૨. શાસ્ત્રકારોએ બંધ કોને કહ્યો છે?

**ચૈતન્ય સ્વરૂપ આત્મ પ્રદેશો અને જડ સ્વરૂપ કાર્મણ વર્ગણાના દલિકોનું એકમેક થવું તે બંધ છે. જે રીતે બંધનમાં રહેલી વ્યક્તિ**

**પરાધીન કે પરતંત્ર બની જાય છે તેમ કર્મ બંધથી અનંત શક્તિવાન આત્મા પરાધીન કે પરતંત્ર બની જાય છે. તેની શક્તિ કે તેના અનંતગુણો કર્મબંધથી આવરિત થઈ જાય છે. દબાઈ જાય છે. તેથી આ ક્રિયાને શાસ્ત્રકાર બંધ કહે છે.**

૩. અભાવાત્મક મોક્ષ કોને કહેવાય?

**સર્વ કર્મોનો સંપૂર્ણતઃ નાશ થવો તે અભાવાત્મક મોક્ષ છે. કર્મના ચાર પ્રકાર છે ૧) ક્રિયાત્મક : જીવ જે કરે છે તે ક્રિયમાણ કર્મ ક્રિયાત્મક છે જે ચૌદમા ગુણસ્થાને નાશ થઈ જાય છે. ૨) સત્તાત્મક કર્મ : ક્રિયા દ્વારા બંધાયેલા કર્મ આત્મા સાથે સ્ટોકમાં રહે તે. ૩) ઉદયાત્મક : કર્મ ઉદયમાં આવે તે. ૪) ફલાત્મક કર્મ : ઉદયાત્મક કર્મ પોતાનું ફળ પ્રગટ કરે તે. આ ચારેય પ્રકારના કર્મોનો નાશ થવો તે મોક્ષ છે.**

૪. છ દ્રવ્યોમાંથી કયા દ્રવ્યો સ્વભાવમાં છે? કયા વિભાવમાં? એનું પરિણામ શું છે?

**છ દ્રવ્યોમાંથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ આ ચાર દ્રવ્યો હંમેશા પોતાના સ્વભાવમાં સ્થિત છે, તે ક્યારેય વિકૃત થતાં નથી માત્ર જીવદ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય જ પોતાનો સ્વભાવ છોડી વિભાવમાં જાય છે અને વિકૃત થાય છે. જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં તેણે અનાદિકાળથી પુદ્ગલ દ્રવ્ય સાથે સંગ કરીને પોતાના સ્વરૂપને વિકૃત બનાવ્યું છે અને પરિણામે તે ચાર ગતિમાં જન્મ-મરણ કર્યા કરે છે.**

૫. મિથ્યાત્વ આદિ પાંચનો સંવર કયા કયા ગુણસ્થાનકે થાય છે?

**મિથ્યાત્વનો સંવર- મિથ્યાત્વના ઉપશમથી સમકિતના માધ્યમથી ચોથા ગુણસ્થાને થાય છે.**

**પાંચમા દેશવિરતિ ગુણસ્થાને વ્રતના માધ્યમથી અવ્રતનો આંશિક સંવર થાય છે.**

**છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાને વ્રતના માધ્યમથી અવ્રતનો સંપૂર્ણ સંવર થાય છે.**

**સાતમા અપ્રમત ગુણસ્થાને અપ્રમત ભાવના માધ્યમથી પ્રમાદનો સંવર થાય છે. ઉપશાંત મોહનીય અને ક્ષીણમોહાદિ (૧૧-૧૨ ૧૩) ગુણસ્થાને કષાયનો સંવર થાય છે.**

**ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાને યોગનિરોધ થતા યોગનો સંપૂર્ણ સંવર થાય છે.**

૬. અનુમાન પ્રમાણથી આત્માની સિદ્ધિ કેવી રીતે થાય છે?

**૧) ઇન્દ્રિયો જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. તે સાધનનો ઉપયોગ કરનાર ઇન્દ્રિયથી ભિન્ન છે. તે જે છે તે આત્મા છે. ૨) શરીર જડ છે. તેમાં જે કોઈપણ ક્રિયાઓ થઈ રહી છે, તેને જોઈને અનુમાન કરી શકાય કે શરીરનું સંચાલન કરનાર શરીરથી ભિન્ન શક્તિ છે, તે શક્તિ જ આત્મા છે. તે શક્તિ અર્થાત આત્મા દેહમાં હોય ત્યાં સુધી જ દેહમાં ક્રિયાઓ થાય છે. મૃત શરીરમાં કોઈ ક્રિયા થતી નથી.**

**(૫) નીચેના વાક્યો કયા તપ માટે બંધબેસતા છે? એ લખો.** **(૬)**

૧. આમાં બીજાની સેવા લેતા નથી. **અનશન (પાદોપગમન)** ૨. આ એક શીથિલીકરણની પ્રક્રિયા છે. **વ્યુત્સર્ગ**

૩. ઈચ્છા નિરોધની ટેવ પડે છે. **ઉણોદરી** ૪. મહાવીર ભગવાને તેર અભિગ્રહ કર્યા હતા. **વૃત્તિસંક્ષેપ (ભિક્ષાચર્યા)**

૫. ધન્ના અણગારનું તપ વખણાયું. **રસપરિત્યાગ.** ૬. નાના સાધુ સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. **વિનય**

૭. દેહ દુક્ખં મહાફલં. **કાયક્લેશ** ૮. રોજ સવાસો ગાથા ફેરવીએ છીએ. **સ્વાધ્યાય**

૯. આમાં ચેતના સ્થિર થાય છે. **ધ્યાન** ૧૦. અન્યને સાધનામાં સહાયક બનવું જોઈએ. **વૈયાવચ્ચ.**

૧૧. શરીરને એક આસને સ્થિર કરી ઉપયોગને સ્થિર કરવો તે. **પ્રાયશ્ચિત્ત/વ્યુત્સર્ગ**

૧૨. કાયાનો યોગ ઉન્માર્ગમાંથી રોકી સન્માર્ગે પ્રવર્તાવવો જોઈએ. **પ્રતિસંલીનતા**

**(૬) માત્ર સંખ્યા લખો.** **(૪)**

૧. ભાવ **૬/૫** ૨. જીવની મુખ્ય શુદ્ધ પર્યાય **૪** ૩. ઠાણાંગ સૂત્રમાં કાળના વિભાગ **૪**

૪. પુદગલના પરિણામ **૧૦** ૫. આશ્રવના વિસ્તારથી ભેદ **૪૨** ૬. પ્રાયશ્ચિત્ત **૧૦**

૭. સિદ્ધના મધ્યમ ગુણ **૩૧** ૮. છદ્મસ્થ વીતરાગીની પાપ પ્રકૃતિ **૩૩** ૯. સિદ્ધ ક્ષેત્રમાં તત્ત્વ **૭**

૧૦. વાટે વહેતા આશ્રવ **-૧૫** ૧૧. આહારક શરીરમાં આશ્રવ **૮** ૧૨. અભવી કેટલા તપ કરી શકે **૧૧**

**(૨૦)**

**પ્ર. ૩ શ્રી ઉત્તરાધ્યન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચે આપેલી ગાથા પૂરી કરો.** **(૬)**

૧. એએસિં **તું વિવચ્ચાસે, રાગ દોસ સમજ્જિયં। ખવેઇ ઉ જહા ભીક્ખુ, તમેગગ્ગમણો** સુણ ||

૨. જો **સો ઇત્તરિય તવો, સો સમાસેણ છવ્વિહો। સેઢિ તવો પયરતવો, ઘણો ય તહ હોઇ** વગ્ગો ય ||

૩. દવ્વે **ખેત્તે કાલે, ભાવમ્મિ ય આહિયા ઉ જે ભાવા । એએહિં ઓમચરઓ, પજ્જવચર ઓ ભવે** ભીક્ખુ ||

**(૨) નીચેની ગાથાના માત્ર ભાવાર્થ લખો. ગાથા નહીં.** **(૬)**

૧. ઇત્તરિય--- બિઇજ્જિયા ||

**અર્થ : અનશન તપના બે પ્રકાર છે ૧) ઈત્વરિક (થોડા સમય માટેનું અનશન) અને જીવન પર્યંતનું અનશન. ઈત્વરિક અનશન આકાંક્ષા અને મર્યાદા સહિત હોય છે, જીવન પર્યંતનું અનશન આકાંક્ષા અને મર્યાદા રહિત હોય છે.**

૨. જો જસ્સ--- દવ્વેણ ઉ ભવે ||

**જેનો જેટલો આહાર હોય તેનાથી યથાશક્તિ ઓછું ખાવું, તે દ્રવ્ય ઉણોદરિ તપ છે. તેમાં ઓછામાં ઓછા એક, બે આદિ કવલ ઓછા ખાય તો પણ ઉણોદરી તપ થાય છે.**

૩. સયણાસણઠાણે—પરિકિત્તિઓ ||

**અર્થ : સૂતાં સૂતાં બેઠાં બેઠાં અને ઊભાં ઊભાં વગેરે કોઈપણ અવસ્થામાં ભિક્ષુ શરીરની હલન ચલનરૂપ પ્રવૃત્તિઓને બંધ કરે છે. તેને શરીર વ્યુત્સર્ગ કહે છે. તે વ્યુત્સર્ગ નામનું છઠ્ઠું આભ્યંતર તપ છે.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. સંક્ષેપમાં ઈત્વરિક તપના કેટલા પ્રકાર છે કયા કયા?

**સંક્ષેપમાં ઈત્વરિક તપના છ પ્રકાર છે–શ્રેણિતપ, પ્રતર તપ, ઘન તપ, વર્ગ તપ પાંચમું વર્ગ-વર્ગ તપ અને છઠ્ઠું પ્રકીર્ણ તપ. આ પ્રમાણે વિવિધ પ્રકારના મનોવાંછિત સ્વર્ગાપવર્ગ આદિ ફળને આપનાર ઈત્વરિક તપ છે.**

૨. ભિક્ષાચર્યા તપ કોને કહેવાય છે?

**આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની પિંડેષણા અને બીજા પણ અનેક પ્રકારના અભિગ્રહો છે, તેને ભિક્ષાચર્યા તપ કહેવાય છે.**

૩. વિનય તપ કોને કહેવાય છે?

**ગુરુ કે રત્નાધિક (પર્યાયથી જયેષ્ઠ ) સાધુ ભગવંતો પધારે ત્યારે ઉભા થવું, હાથ જોડવા, તેમને આસન આપવું, ગુરૂજનોની ભક્તિ કરવી તથા ભાવપૂર્વક સેવા કરવી શુશ્રૂષા કરવી તે વિનય તપ છે.**

૪. કર્મ બંધ શેનાથી અટકી જાય છે?

**હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનની વિરતિથી જીવ આશ્રવ રહિત બને છે અર્થાત્ હિંસા આદિના ત્યાગથી કર્મબંધ અટકી જાય છે.**

**(૨૦)**

**પ્ર. ૪ નીચેના બોલોની માર્ગણા કોઠો બનાવીને લખો.**

**(૧) માત્ર સંખ્યામાં લખો.** **(૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. શુકલ લેશી અમર | ૦ | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૨. કાપોત લેશી અવધિ દર્શની | ૬ | ૫ | ૩૦ | ૧૦૨ | ૧૪૩ |
| ૩. આર્ત્તધ્યાની | ૭ | ૫ | ૧૦૧ | ૯૯ | ૨૧૨ |
| ૪. ઊર્ધ્વલોક મતિજ્ઞાની | ૦ | ૧૮ | ૦ | ૭૦ | ૮૮ |
| ૫. અધોલોક મનયોગી. | ૭ | ૫ | ૧ | ૨૫ | ૩૮ |
| ૬. જંબૂદ્વીપના મનુષ્યના ભેદ | ૦ | ૦ | ૨૭ | ૦ | ૨૭ |
| ૭. ઔદારિક અવધિજ્ઞાની | ૦ | ૫ | ૩૦ | ૦ | ૩૫ |
| ૮. અધોલોક ભાષક | ૭ | ૧૩ | ૧ | ૨૫ | ૪૬ |
| ૯) તિર્ચ્છોલોક સમ્યગ્દ્રષ્ટિ | ૦ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૦ |
| ૧૦. અધોલોક નીલલેશી વચનયોગી | ૩ | ૧૩ | ૧ | ૨૫ | ૪૨ |

**(૨) નીચેની માર્ગણા સમજૂતી સાથે લખો.** **(૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. પ્રત્યેક શરીરી નોગર્ભજ એકાંત મિથ્યાત્વી | ૧ | ૨૬ | ૧૦૧ | ૩૬ | સાતમી નરકના અપર્યાપ્તો, ૧૮ એકેન્દ્રિયના ૨૨ માંથી ચાર સાધારણના વર્જીને ૧૮, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ આઠના અપર્યાપ્તા મળીને ૨૬, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષિ એ ૧૮ ના અપર્યાપ્તા ને પર્યાપ્તા મળીને ૩૬ | ૧૬૪ |
| ૨. કૃષ્ણલેશી ઔદારિક ભાષક | ૦ | ૧૩ | ૧૦૧ | ૦ | નારકી અને દેવમાં ઔદારિક શરીર ન હોય માટે ૦ તિર્યંચમાં ત્રસના ૧૩ ના પર્યાપ્તા અને મનુષ્યના ૧૦૧ ગર્ભજના પર્યાપ્તા ભાષા પર્યાપ્તમાં જ હોય. | ૧૧૪ |
| ૩. ઊર્ધ્વલોક પદ્મલેશી | ૦ | ૧૦ | ૦ | ૨૬ | નારકી અને મનુષ્ય ઉર્ધ્વલોકમાં ન હોય માટે ૦ પદ્મલેશ્યા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તામાં હોય માટે ૧૦ , દેવમાં ત્રીજું, ચોથું, પાંચમું દેવલોક, બીજું કિલ્વિષિ અને નવ લોકાંતિક એ ૧૩ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને ૨૬ ભેદ. | ૩૬ |
| ૪. શાશ્વત | ૭ | ૪૩ | ૧૦૧ | ૯૯ | સાત નારકીના પર્યાપ્તા, તિર્યંચના ૪૮ ભેદમાંથી પાંચ સંજ્ઞી તિર્યંચના અપર્યાપ્તા વર્જીને ભેદ, ૧૦૧ ગર્ભજ મનુષ્યના પર્યાપ્તા ૯૯ દેવના પર્યાપ્તા | ૨૫૦ |
| ૫. સ્ત્રીવેદી અમર | ૦ | ૦ | ૮૬ | ૬૪ | નારકીમાં સ્ત્રીવેદ ન હોય ૦, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સ્ત્રીવેદ અમર ન હોય તેથી ૦, મનુષ્યમાં ૮૬ જુગલિયા ના અપર્યાપ્તા અમર હોય તેથી ૮૬, દેવના સ્ત્રીવેદના ૬૪ ભેદ અપર્યાપ્તા અમર હોય | ૧૫૦ |

**જય – જિનેન્દ્ર**


❋ **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
❋ **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
❋ **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914DA**
❋ **FOR BOOKS AND EXAM REGISTRATION**